# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ.બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

Phone No.(02742) 257055 Email Id: bnsdeo@gmail.com

ક્રમાંકઃ–મા.વિ.૧/પરીપત્ર/૨૦૨૦/૨૧૦૪૫ તારીખ : ૨૧/૯/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,(તમામ),
સરકારી અને બિનસરકારી અનુદાનિત અને બિનઅનુદાનિત,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા,તમામ
જિ.બનાસકાંઠા

**વિષયઃ–શાળાના જનરલ રજીસ્ટરમાં સુધારો કરવાની મંજુરી મેળવવા બાબત.**
**સંદર્ભઃ–(૧)ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ વિનિયમ–૧૯૭૪ ના વિનિયમ–૧૨ અન્વયે.**
**(૨)ગુજરાત મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંકઃમઉમશબ/ શા.નિ./૪૧૧૪૩/૯૩ તા.૩૦/૯/૨૦૧૯ અન્વયે.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે,આ કચેરી હસ્તક આવેલ સરકારી,બિનસરકારી અનુદાનિત અને બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના જનરલ રજીસ્ટરમાં કરવામાં આવેલ વિધાર્થીની નોંધમાં ફેરફાર/સુધારો કરવાની મંજુરી મેળવવાની દરખાસ્તોમાં ખુબ જ ક્ષતિઓ અને અધુરાશ જોવા મળે છે.અને તે કારણે સમયસર મંજુરી આપવામાં મુશ્કેલી ઉભી થાય છે.અને બિન જરૂરી વિલંબ થાય છે.તેમજ કચેરીની કામગીરી બેવડાવાથી સમયનો વ્યય થાય છે.

આમ,ન બને તે માટે નીચે મુજબની કાર્ય પધ્ધતી અનુસરવા બનાસકાંઠા જિલ્લાની તમામ શાળાઓને અનુરોધ કરવામાં આવે છે.જેથી કચેરીમાં કામની એક સુત્રતા જળવાય અને કામનો સમયસર નિકાલ થઈ શકે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિનિયમ૧૨(ક) મુજબ વિધાર્થીએ ધોરણ–૧૨ ની જાહેર પરીક્ષા પાસ કર્યા પછી અને ખરેખર શાળા છોડી દીધા પછી શાળા રેકર્ડમાંથી નોંધમાં કોઈ ફેરફાર કરી શકાતો ન હોઈ આચાર્યશ્રીને શાળાના જનરલ રજીસ્ટરમાં વિધાર્થીની તમામ નોંધ ચોકસાઈ પુર્વક અને સાચી લખાય તેની ખાસ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

શાળામાં આપવામાં આવતા નવા પ્રવેશ સમયે વિધાર્થી/વાલી દ્વારા રજુ કરાતા શાળા છોડયાના પ્રમાણપત્ર(એલ.સી.)ની તમામ વિગતો ચકાસી લેવા વાલીને જણાવવું અને એલ.સી.ની તમામ વિગતો ચકાસેલ છે અને બરાબર માલુમ પડેલ છે. તે મતલબનું જરૂર જણાય તો પ્રમાણપત્ર પણ મેળવી લેવું.જેથી વિધાર્થીને ભવિષ્યમાં મુશ્કેલી ઉભી ન થાય.તેમજ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયે કલાર્કશ્રી અને આચાર્યશ્રીએ પણ જી.આર.ની દરેક નોંધની સંપૂર્ણ ચકાસણી કરવાની રહેશે.અને જો કોઈ કિસ્સામાં ક્ષતિ જણાય તો પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેથી મોડામાં મોડા દિન–૧૫માં આવા વિધાર્થીઓના વાલી પાસેથી નિયત નમુનામાં અરજી મેળવી જરૂરી આધાર પુરાવાની સંપૂર્ણ ચકાસણી કરી ખરાઈ કરેલ આધારો સાથેની સંપૂર્ણ દરખાસ્ત આ કચેરીને શાળાના જવાબદાર કર્મચારી સાથે મોકલી આપવાની રહેશે.

શાળાના જનરલ રજીસ્ટર(જી.આર.)માં સુધારો કરવા આ કચેરીનો મંજુરી હુકમ મેળવવામાં એક સુત્રતા જળવાય તે હેતુથી આ મુજબની પધ્ધતિ અનુસરવાની રહેશે.જેના માટે દરેક સુધારાની દરખાસ્ત સાથે (૧)શાળાનો વિગતવાર ભલામણ પત્ર(જેમાં જી.આર.નંબર,વિધાર્થીનું નામ,ધોરણ અને શું સુધારો કરવાનો થાય છે તેની પૂરી વિગત સાથે)(૨)શાળા છોડી દિધેલ નથી તે મતલબનું પ્રમાણપત્ર,(૩)નિયત નમુનામાં અરજી ફોર્મ,(૪)અરજદારશ્રીનું મામલતદારશ્રી સમક્ષ કરેલ અસલ સોગંદનામું,(૫)વિધાર્થીના જન્મના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ,(૬)શાળાના જી.આર.ની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

આ ઉપરાંત નીચે મુજબની અલગ–અલગ બાબતના સુધારા માટે નીચે જણાવેલ આધારો પણ રજૂ કરવાના રહેશે.

**૧.વિધાર્થીના નામમાં સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશે.**

→ વિધાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.

→ સાચા નામવાળા અન્ય કોઈ પુરાવાની પ્રમાણિત નકલ.

→ વાલીના પાન કાર્ડ અથવા ચુંટણી કાર્ડની અથવા આધાર કાર્ડની પ્રમાણિત નકલ.

→ રેશનીગ કાર્ડની પ્રમાણિત નકલ.

→ વિધાર્થીનું પુરૂ નામ બદલવાનું થતું હોઈ તો રાજયપત્રમાં પ્રસિધ્ધિ(ગેઝેટ)ની પ્રમાણિત નકલ.

**૨.અટકમાં સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશે.**

→ વિધાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.

→ સાચી અટકવાળા અન્ય કોઈ પુરાવાની પ્રમાણિત નકલ.

→ વાલીના પાન કાર્ડ અથવા ચુંટણી કાર્ડની અથવા આધાર કાર્ડની પ્રમાણિત નકલ.

→ રેશનીગ કાર્ડની પ્રમાણિત નકલ.

→ વિધાર્થીની સંપૂર્ણ અટક બદલવાની થતી હોઈ તો રાજયપત્રમાં પ્રસિધ્ધિ(ગેઝેટ)ની પ્રમાણિત નકલ.

**૩.પિતાના નામમાં સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશે.**

→ વિધાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.

→ પિતાના પાન કાર્ડ અથવા ચુટણી કાર્ડની પ્રમાણિત નકલ અથવા વાલીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.

→ પિતાના સાચા નામવાળા અન્ય કોઈ પુરાવાની પ્રમાણિત નકલ.

→ રેશનીગ કાર્ડની પ્રમાણિત નકલ.

→ પિતાનું સંપૂર્ણ નામ બદલવાનું થતું હોઈ તો રાજયપત્રમાં પ્રસિધ્ધિ(ગેઝેટ)ની પ્રમાણિત નકલ.

**૩.(એ)પુન:લગ્નના કિસ્સામાં પિતાના નામ અને અટક બદલા માટે ઉકત પુરાવા સાથે.**

→ અગાઉના લગ્નના છૂટાછેડાના કરારની પ્રમાણિત નકલ.

→ નવા લગ્ન નોંધણીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

→ નવા પિતાના દત્તક ગ્રહણખત( દત્તક વિધાન)નીપ્રમાણિત નકલ.

**૩.(બી) દત્તક  લીધેલ બાળકના કિસ્સામાં પિતાનું નામ અને અટક બદલા માટે ઉકત પુરાવા સાથે.**

→ દત્તક લીધેલ બાળકના કિસ્સામાં દત્તક ગ્રહણખત( દત્તક વિધાન)ની પ્રમાણિત નકલ.

**૪.પેટાજ્ઞાતિમાં  સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશે.**

→ વિધાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.

→ પિતાના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.

→ રેશનીગ કાર્ડની પ્રમાણિત નકલ.

→ વિધાર્થીના પિતાના સમાજ કલ્યાણ અધિકારીના પ્રમાણપત્રઅને એલ.સી.ની પ્રમાણિત નકલ.

અથવા

→ વિધાર્થીના દાદા/ભાઈ/બેનના સમાજ કલ્યાણ અધિકારીના પ્રમાણપત્ર અને એલ.સી.ની પ્રમાણિત નકલ.

**૫.જન્મ તારીખમાં  સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશે.**

→ વિધાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.

→ સાચા જન્મ તારીખવાળા અન્ય કોઈ પુરાવાની પ્રમાણિત નકલ.

→ વાલીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.

→ રેશનીગ કાર્ડની પ્રમાણિત નકલ.

→ ધોરણ–૧ માં દાખલ થતી વખતે વિધાર્થીના પાંચ વર્ષ પૂર્ણ થયાનો આધાર

**૬.શાળા છોડયાના પ્રમાણપત્ર(એલ.સી.)ઉપર કાઉન્ટર સહી કરવા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશે.**

કયાં કારણોસર એલ.સી. ઉપર કાઉન્ટર સહી કરવાની થાય છે તેનો વિગતવાર શાળાનો ભલામણ પત્ર.

–ભલામણ પત્રમાં વિધાર્થીનો જી.આર.નંબર અને યુ.આઈ.ડી.નંબર,ધોરણ,વિધાર્થીનું પુરૂ નામ,અને કયાં કારણોસર શાળા છોડવામાં આવેલ છે.અને કયાં પ્રવેશ લેવાનો છે.જેવી તમામ વિગતો શાળાના પત્રમાં દર્શાવવી.

→ અસલ શાળા છોડયાનુ પ્રમાણપત્ર(એલ.સી).

→ એલ.સીના પાછળના ભાગ પર એલ.સી.માં દર્શાવેલ તમામ વિગતો શાળાના રેકર્ડ મુજબ સાચી અને ખરી છે.તે મતલબનું પ્રમાણપત્ર આચાર્યશ્રીએ આપવાનું રહેશ.

→ એલ.સી.ની આગળ અને પાછળની પ્રમાણિત નકલ.

→ શાળા જી.આર.ની પ્રમાણિત નકલ.

→ શાળા જી.આર.માં સુધારો કરેલ હોઈ તો તે અંગેના મંજુરી હુકમની પ્રમાણિત નકલ.

**૭.ધોરણ–૧૦/૧૨ની માર્કશીટ નામમાં સુધારા માટે નીચેના આધારો સાથે દરખાસ્ત કરવાની રહેશે.**

→ "દરખાસ્ત બે નકલમાં કરવાની રહેશે."

→ શાળાનો વિગતવાર ભલામણ પત્ર.

→ ઉમેદવારનું અસલ ગુણપત્રક/પ્રમાણપત્ર.

→ નિયત નમુનાના અરજી ફોર્મ પરિશિષ્ટ–૪,પરિશિષ્ટ–૪(અ),પરિશિષ્ટ–૪(બ)

→ ઉમેદવારની એલ.સી.ની પ્રમાણિત નકલ.

→ SSC/HSC ના ગુણપત્રક/પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

→ શાળા જી.આર.ની પ્રમાણિત નકલ.

→ શાળા જી.આર.માં સુધારો કરેલ હોઈ તો તે અંગેના મંજુરી હુકમની પ્રમાણિત નકલ.

**નોધઃ–બોર્ડના પરિણામના ત્રણ માસમાં માર્કશીટ નામમાં સુધારા માટે કોઈ ફી લેવામાં આવતી નથી. સમય – મર્યાદા બહાર માર્કશીટ નામમાં સુધારા માટે બોર્ડ દ્વારા નિયત કરેલ ફી ભરવાની રહેશે.**

ઉપરોકત અલગ–અલગ બાબતે સુધારા માટે જણાવેલ આધાર પુરાવાની કલાર્કશ્રી અને આચાર્યશ્રીએ ચોકસાઈ પૂર્વક સંપૂર્ણ ચકાસણી કરી સુચવેલ સુધારાને સુસંગત આધારોની પ્રમાણિત કરેલ નકલો સાથેની સંપૂર્ણ દરખાસ્ત શાળાના જવાબદાર કર્મચારી સાથે જ મોકલી આપવાની રહેશે.

ઉપર જણાવેલ આધાર–પુરાવા ઉપરાંત વધુ ચકાસણી અર્થે અન્ય આધારોની જરૂરીયાત જણાય તો રજુ કરવાના રહેશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪ ના વિનિયમ નં.૧૨–ક–(૧) અધિકારીની લેખિત પૂર્વ મંજુરી મેળવ્યા વિના શાળા રજિસ્ટરમાંની નોંધોમાં કાંઈ પણ ફેરફાર કરી શકાશે નહી.આવા પૂર્વ મંજુરી વિના કરવામાં આવેલ ફેરફાર માન્ય રહેશે નહી.આ અંગેની સંપૂર્ણ જવાબદારી શાળાના કલાર્કશ્રી અને આચાર્યશ્રીની રહેશે.જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪ ના વિનિયમ નં.૧૨–ક ની જોગવાઈ અનુસાર વિધાર્થીએ ખરેખર શાળા છોડી દીધા પછી શાળા રેકર્ડમાંની નોધમાં ફેરફાર કરી શકાશે નહી.જેથી આવી કોઈ દરખાસ્તો અત્રેની કચેરીમાં ન રજુ નહી.

શાળાએ જનરલ રજીસ્ટરમાં ફેરફાર કરવાના આ કચેરીના મેળવેલ લેખિત મંજુરી હુકમનો નંબર અને તારીખ સાથેની નોંધ શાળાના જનરલ રજીસ્ટરમાં કરી તે જગ્યાએ આચાર્યશ્રીએ સહી કરવાની રહેશે.અને જરૂર જણાય ત્યાં આ મંજુરી હુકમની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

**નકલ રવાના જાણ તથા શાળાને જાણકારી આપવા સારૂ.**

❖ શિક્ષણ નિરીક્ષકશ્રી,સદર કચેરી(તમામ)

❖ મદદનિશ શિક્ષણ નિરીક્ષકશ્રી,સદર કચેરી(તમામ)

શાળાનું નામઃ-..............................................................

વિધાર્થીનું પુરૂ નામઃ- .................................................. ધોરણઃ-...........

❖ વિધાર્થીના નામમાં સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશે.

| ક્રમ | વિગત | હા/ના દર્શાવો | પાના નં. |
|---|---|---|---|
| ૧ | જિ.શિ.અ.ની કચેરી,પાલનપુર,બનાસકાંઠાને સંબોધીને શાળાનો વિગતવાર ભલામણ પત્ર (જેમા જી.આર.નંબર,વિધાર્થીનું નામ,ધોરણ અને શું સુધારો કરવાનો થાય છે તેની પૂરી વિગત સાથે) | | |
| ૨ | શાળા છોડી દિધેલ નથી તે મતલબનું પ્રમાણપત્ર સામેલ છે. | | |
| ૩ | નિયત નમુનામાં અરજી ફોર્મ સામેલ છે. | | |
| ૪ | મામલતદારશ્રી સમક્ષ કરેલ અસલ સોગંદનામું સામેલ છે. | | |
| ૫ | વિધાર્થીના જન્મના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૬ | શાળાના જી.આર.ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૭ | વિધાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૮ | સાચા નામવાળા અન્ય કોઈ પુરાવાની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૯ | વાલીના પાન કાર્ડ અથવા ચુંટણી કાર્ડ અથવા આધાર કાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૧૦ | રેશનીગ કાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૧૧ | વિધાર્થીનું પુરૂ નામ બદલવાનું થતું હોઈ તો રાજયપત્રમાં પ્રસિધ્ધિ(ગેઝેટ)ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |

આચાર્યશ્રીની સહી અને સિક્કો

શાળાનું નામ:-..............................................................

વિદ્યાર્થીનું પુરૂ નામ:- ..................................................... ધોરણ:-..........

❖ **વિદ્યાર્થીના નામમાં સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશે.**

| ક્રમ | વિગત | હા/ના દર્શાવો | પાના નં. |
|---|---|---|---|
| ૧ | જિ.શિ.અ.ની કચેરી,પાલનપુર,બનાસકાંઠાને સંબોધીને શાળાનો વિગતવાર ભલામણ પત્ર (જેમા જી.આર.નંબર,વિદ્યાર્થીનું નામ,ધોરણ અને શું સુધારો કરવાનો થાય છે તેની પૂરી વિગત સાથે) | | |
| ૨ | શાળા છોડી દિધેલ નથી તે મતલબનું પ્રમાણપત્ર સામેલ છે. | | |
| ૩ | નિયત નમુનામાં અરજી ફોર્મ સામેલ છે. | | |
| ૪ | મામલતદારશ્રી સમક્ષ કરેલ અસલ સોગંદનામું સામેલ છે. | | |
| ૫ | વિદ્યાર્થીના જન્મના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૬ | શાળાના જી.આર.ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૭ | વિદ્યાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૮ | સાચા નામવાળા અન્ય કોઈ પુરાવાની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૯ | વાલીના પાન કાર્ડ અથવા ચુંટણી કાર્ડ અથવા આધાર કાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૧૦ | રેશનીંગ કાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૧૧ | વિદ્યાર્થીનું પુરૂ નામ બદલવાનું થતું હોઈ તો રાજયપત્રમાં પ્રસિધ્ધિ(ગેઝેટ)ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |

આચાર્યશ્રીની સહી અને સિકકો

શાળાનું નામઃ–.........................................................

વિધાર્થીનું પુરૂ નામઃ– ...................................................   ધોરણઃ–..........

❖ **પેટાજ્ઞાતિમાં સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશે.**

| ક્રમ | વિગત | હા/ના દર્શાવો | પાના નં. |
|---|---|---|---|
| ૧ | જિ.શિ.અ.ની કચેરી,પાલનપુર,બનાસકાંઠાને સંબોધીને શાળાનો વિગતવાર ભલામણ પત્ર (જેમા જી.આર.નંબર,વિધાર્થીનું નામ,ધોરણ અને શું સુધારો કરવાનો થાય છે તેની પૂરી વિગત સાથે) | | |
| ૨ | શાળા છોડી દિધેલ નથી તે મતલબનું પ્રમાણપત્ર સામેલ છે. | | |
| ૩ | નિયત નમુનામાં અરજી ફોર્મ સામેલ છે. | | |
| ૪ | મામલતદારશ્રી સમક્ષ કરેલ અસલ સોગંદનામું સામેલ છે. | | |
| ૫ | વિધાર્થીના જન્મના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૬ | શાળાના જી.આર.ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૭ | વિધાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૮ | પિતાના આધાર કાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૯ | વિધાર્થીના પિતાના સમાજ કલ્યાણ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિકત નકલ સામેલ છે. | | |
| ૧૦ | વિધાર્થીના પિતાના એલ.સી.ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૧૧ | વિધાર્થીના દાદા/ભાઈ/બેનના સમાજ કલ્યાણ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિકત નકલ સામેલ છે. | | |
| ૧૨ | વિધાર્થીના દાદા/ભાઈ/બેનના એલ.સી.ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |

આચાર્યશ્રીની સહી અને સિકકો

શાળાનું નામ:– ...........................................................

વિદ્યાર્થીનું પુરૂ નામ:– ............................................. ધોરણ:–..........

❖ જન્મ તારીખમાં સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશે.

| ક્રમ | વિગત | હા/ના દર્શાવો | પાના નં. |
|---|---|---|---|
| ૧ | જિ.શિ.અ.ની કચેરી,પાલનપુર,બનાસકાંઠાને સંબોધીને શાળાનો વિગતવાર ભલામણ પત્ર (જેમા જી.આર.નંબર,વિદ્યાર્થીનું નામ,ધોરણ અને શું સુધારો કરવાનો થાય છે તેની પૂરી વિગત સાથે) | | |
| ૨ | શાળા છોડી દિધેલ નથી તે મતલબનું પ્રમાણપત્ર સામેલ છે. | | |
| ૩ | નિયત નમુનામાં અરજી ફોર્મ સામેલ છે. | | |
| ૪ | મામલતદારશ્રી સમક્ષ કરેલ અસલ સોગંદનામું સામેલ છે. | | |
| ૫ | વિદ્યાર્થીના જન્મના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૬ | શાળાના જી.આર.ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૭ | વિદ્યાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૮ | સાચા જન્મ તારીખ વાળા અન્ય કોઈ પુરાવાની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૯ | રેશનીંગ કાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૧૦ | વાલીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૧૧ | ધોરણ–૧ માં દાખલ થતી વખતે વિદ્યાર્થીના પાંચ વર્ષ પૂર્ણ થયાનો આધાર | | |

આચાર્યશ્રીની સહી અને સિક્કો

શાળાનું નામઃ–..........................................................................

વિધાર્થીનું પુરૂ નામઃ–...................................... ધોરણઃ–.........

❖ પિતાના નામમાં સુધારા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશે.

| ક્રમ | વિગત | હા/ના દર્શાવો | પાના નં. |
|---|---|---|---|
| ૧ | જિ.શિ.અ.કચેરી,પાલનપુર,બનાસકાંઠાને સંબોધીને શાળાનો વિગતવાર ભલામણ પત્ર(જેમા જી.આર.નંબર,વિધાર્થીનું નામ,ધોરણ અને શું સુધારો કરવાનો થાય છે.તેની પૂરી વિગત સાથે) | | |
| ૨ | શાળા છોડી દિધેલ નથી તે મતલબનું પ્રમાણપત્ર સામેલ છે. | | |
| ૩ | નિયત નમુનામાં અરજી ફોર્મ સામેલ છે. | | |
| ૪ | મામલતદારશ્રી સમક્ષ કરેલ અસલ સોગંદનામું સામેલ છે. | | |
| ૫ | વિધાર્થીના જન્મના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૬ | શાળાના જી.આર.ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૭ | વિધાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૮ | પિતાના સાચા નામવાળા અન્ય કોઈ પુરાવાની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૯ | વાલીના પાનકાર્ડ અથવા ચુંટણી કાર્ડની પ્રમાણિત નકલ અથવા વાલીના આધારકાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૧૦ | રેશનીંગ કાર્ડની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૧૧ | પિતાનું સંપૂર્ણ નામ બદલવાનું થતું હોઈ તો રાજયપત્રમાં પ્રસિધ્ધિ(ગેઝેટ)ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |

❖ પુનઃલગ્ન કે દત્તક લીધેલ બાળકના કિસ્સામાં પિતાનું નામ અને અટક બદલવા માટે ઉકત પુરાવા સાથે.(ઉપર મુજબના અ.નં. ૧ થી ૬ ઉપરાંત અન્ય આધારો)

| ક્રમ | વિગત | હા/ના દર્શાવો | પાના નં. |
|---|---|---|---|
| ૧ | અગાઉના લગ્નના છૂટાછેડાના કરારની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૨ | નવા લગ્ન નોંધણીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૩ | નવા પિતાના દત્તક ગ્રહણખત(દત્તક વિધાન)ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |

આચાર્યશ્રીની સહી અને સિકકો

શાળાનું નામઃ–..........................................................................

વિદ્યાર્થીનું પુરૂ નામઃ–.......................................... ધોરણઃ–.........

❖ ધોરણ–૧૦/૧૨ ની માર્કશીટ સુધારા માટે નીચેના આધારો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

| ક્રમ | વિગત | હા/ના દર્શાવો | પાના નં. |
|---|---|---|---|
| ૧ | દરખાસ્ત બે નકલમાં કરવાની રહશે. | | |
| ૨ | શાળાનો વિગતવાર ભલામણ પત્ર. | | |
| ૩ | ઉમેદવારનું અસલ ગુણપત્રક/પ્રમાણપત્ર | | |
| ૪ | નિયત નમુનાના અરજી ફોર્મ પરિશિષ્ટ–૪,પરિશિષ્ટ–૪(અ), પરિશિષ્ટિ–૪(બ) | | |
| ૫ | ઉમેદવારની એલ.સી.ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૬ | SSC/HSC ના ગુણપત્રક/પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૭ | શાળા જી.આર.ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૮ | શાળા જી.આર.માં સુધારો કરેલ હોઈ તો તે અંગેના મંજુરી હુકમની પ્રમાણિત નકલ સામેલ છે. | | |

આચાર્યશ્રીની સહી અને સિકકો